
ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ધુમ્મસને પગલે પાટનગર હિલ સ્ટેશન બન્યું

## ધુમ્મસને કારણે માર્ગો પર વિઝિબિલિટી ખુબ ઓછી થઈ : શહેરીજનોએ ધાબે ચઢીને ધુમ્મસ સાથે સેલ્ફીઓ લીધી







ગાંધીનગર તા.૨૧

ગાંધીનગરમાં આજે સવારે જ્યારે શહેરીજનો નિંદરમાંથી ઉઠીને પોતાના ઘરની બહાર આવ્યા ત્યારે ચારેકોર ફેલાયેલા ધુમ્મસને પગલે જાણે તેઓ કોઈ હિલ સ્ટેશને આવી ગયાં હોય તેવો અનુભવ થવા પામ્યો હતો. શહેરના વાતાવરણમાં ચારેકોર વાદળની જેમ ફેલાયેલા ધુમ્મસે નાગરિકોમાં ભારે કૌતુક જગાવ્યું હતું અને તેના પગલે નાગરિકોએ પોતાના ધાબે ચડીને આ ધુમ્મસમાં સેલ્ફીઓ અને તસવીરો લીધી હતી જેને સોશિયલ મીડિયામાં શે'ર કરી હતી.

ગાંધીનગરમાં ગઈ રાતથી જ ધુમ્મસ વધવા પામ્યું હતું જે સવારના દસેક વાગ્યા સુધી શહેરના માર્ગો પર છવાયેલું રહ્યું હતું જેના કારણે સવારના સમયે શહેરના માર્ગો પર વિઝિબિલિટી ખુબ ઓછી થઈ જવા પામી હતી. અગાઉ કાતિલ ઠંડીનો અનુભવ કર્યા પછી શહેરીજનોને વાતાવરણમાં હવે ધુમ્મસના અનુભવ થવા પામ્યો હતો અને આ ધુમ્મસ એટલું પ્રગાઢ હતું કે જેના કારણે સમગ્ર ગાંધીનગર નું વાતાવરણ શિમલા કે મનાલી જેવાં હિલ સ્ટેશન જેવુ થઈ જવા પામ્યું હતું અને શહેરીજનો સવારે જાણે સીધા હિલ સ્ટેશનમાં જાગ્યાં હોય તેવો તેમને અનુભવ થયો હતો. સવારે શહેરીજનોને ઑફિસ કે નોકરી ધંધે જવાના સમય સુધી પણ ધુમ્મસની અસર જણાતાં વાહનોની હેડલાઈટો ચાલુ રાખીને ધીમી ગતિએ વાહન હંકારવા પડ્યાં હતાં. જોકે ધીમે ધીમે પછી ધુમ્મસ આપ મેળે ઓગળવા લાગ્યું હતું.

# સંક્રમણની આંધી : શહેરમાં ૬૧૩ નવા કેસ

**સે. ૧૯ માં ૩૧, સે. ૨ માં ૩૪, સે. ૫ માં ૧૬, સે. ૩ માં ૨૦, સે. ૨૨ માં ૧૨, સે. ૨૬ માં ૨૫, સે. ૨૯ માં ૨૭, સે. ૩૦ માં ૧૫, કુડાસણમાં ૫૩, સરગાસણમાં ૫૪, વાવોલમાં ૪૪, પેથાપુરમાં ૪૨, રાયસણમાં ૩૪, રાંદેસણમાં ૧૯ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોના સંક્રમણની આંધીએ શહેરના તમામ મોટા ભાગના ઘરોમાં કોરોનાના ખાટલા ખડકી દીધા છે. શહેરમાં આજે ૬૧૨ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૩૯૦૦ થવા જાય છે.

શહેરમાં સતત વધી રહેલા સંક્રમણને કારણે તંત્રની ચિંતા વધી છે. આજે રાજ્યના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, જાણીતા ગાયક કલાકાર રાકેશ બારોટ પણ કોરોનાથી સંક્રમિત થયા છે. શહેરમાં માત્ર પાંચ દિવસમાં ૨૨૦૦ જેટલા કેસ કોરોનાના નોંધાયા હોવાથી કડક નિયંત્રણોની જરૂરિયાત ઉભી થવા પામી છે.

શહેરનો પોઝીટીવીટી રેટ ચિંતાજનક રીતે વધી રહ્યો છે અને તે ૧૮ ટકાને પણ પાર કરી જતાં તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં સતત વધી રહેલા સંક્રમણની સાથે સાથે આજે ત્રણ દર્દીઓને સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં વી.આઈ.પી. ગણાતા સે. ૧૯માં આજે ૩૧ કેસ નોંધાયા છે. તંત્ર આ સ્થિતિથી આજે પણ સ્તબ્ધ હતુ.

શહેરના નવા સેક્ટરો ખાસ કરીને સે. ૧ થી ૮ અને સે. ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ માં જે રીતે સંક્રમણ વધી રહ્યુ છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે તેથી તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમોની કડક અમલવારી માટે તાકીદ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૪૯ મહિલા દર્દી તેમજ ૭૩ જેટલા ૬૦ થી વધુ વયના દર્દીઓ અને ૧૦ વર્ષની નીચેની વયના ૧૭ બાળકો સંક્રમિત થયા છે જે તંત્રની ચિંતાનું કારણ બન્યા છે.

શહેરમાં આ વખતે મહિલાઓ સંક્રમિત થયાનો દર વધુ નોંધાયો છે તેમજ બાળકો પણ વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં ૧૭ બાળકો જે ૧૦ વર્ષથી નીચેની વયના સંક્રમિત થયા છે તેમાં ૧ વર્ષનો પેથાપુરમાં દિકરો, સે. ૨૮ની ૩ વર્ષની દિકરી, સે. ૨૮માં જ ૨ વર્ષની દિકરી, સે. ૨૩ માં ૧૦ વર્ષનો દિકરો, સે. ૨ માં ૯ વર્ષની દિકરી,

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના મુખ્યાલય કમલમ્ ખાતે ચૂંટણીલક્ષી બેઠકોનો ધમધમાટ

## પાર્લામેન્ટરી બોર્ડ અને કોર ગૃપની રચના કરાઈ : રૂપાણી અને નિતીનભાઈનો પાર્લામેન્ટરી બોર્ડમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૨૧

ભાજપના મુખ્યાલય પર આજકાલ બેઠકોનો ધમધમાટ ચાલે છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ ભલે જાહેરાત કરતાં હોય કે ચૂંટણી ડિસેમ્બરમાં જ આવશે પરંતુ તૈયારીઓ જોતાં ચૂંટણી વહેલા આવે તો પણ નવાઈ નહીં. છેલ્લા ૨૪ કલાકમાં જોઈએ તો કમલમ્ ખાતે ચૂંટણી સંદર્ભની ચાર મહત્વની સમિતિઓની જાહેરાત થઈ. ગઈકાલે ૫૭૯ સ્થાનો પર એક સાથે મંડળ બેઠકો યોજાઈ અને જેમાં નમો એપ દ્વારા પ્રદેશ પ્રમુખે વર્ચ્યુઅલી સપોર્ટર કર્યુ. હજુ ૨૫મીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પેજ પ્રમુખો સાથે દોઢ કલાક સંવાદ કરશે. ગુજરાતમં ૨૦૧૭માં ભાજપે ગુમાવેલી બેઠકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા દરેક હારેલી બેઠક પર એક એક કેબીનેટ મંત્રીને જવાબદારી સોંપાઈ રહી છે. આમ ભારતીય જનતા પાર્ટી ચૂંટણી માટેના શસ્ત્રો સજાવી રહી છે અને ૧૭૨ બેઠકો જીતીને વિક્રમ સર્જવાના લક્ષ્ય સાથે તૈયારી ચાલી રહી છે.

ગઈકાલે કોર કમિટી જે સરકાર અને સંગઠન વચ્ચે સંકલન સાધી મહત્વના નિર્ણયો કરે છે તે કમિટીની જાહેરાત આજે કરાઈ હતી જેમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સંગઠન મહામંત્રી રત્નાકરભાઈ, પ્રદેશ મહામંત્રીઓ સર્વ ભાર્ગવ ભટ્ટ, રંજનભાઈ પટેલ, પ્રદિપસિંહ વાઘેલા અને વિનોદભાઈ ચાવડા મંત્રીમંડળના ૨ સભ્યો સર્વ જીતુભાઈ વાઘાણી અને હર્ષભાઈ સંઘવી ઉપરાંત પૂર્વ મંત્રીઓ ગણપતભાઈ વસાવા અને શંકરભાઈ ચૌધરી ઉપરાંત સાંસદ રંજનબેન ભટ્ટનો સમાવેશ થાય છે. એજ રીતે પ્રદેશ ચૂંટણી સમિતિ જે પાર્લામેન્ટરી બોર્ડ તરીકે ઓળખાય છે તેની પણ આજે સવારે

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૩ નવા કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૦૩ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૫૬૨ થઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ વધતાં જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમે આજે માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

ગ્રામીણ વિસ્તારમાં સતત કેસો વધતા તંત્રની દોડધામ વધી જવા પામી છે. આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાંથી ૨૦૧ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્ર દ્વારા હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી માટે કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૪ મહિલા દર્દીઓ ઉપરાંત આર.બી.એસ.કે.ના તબી, બેંક કર્મચારી, શિક્ષક, ડ્રાયવર પણ કોરોનાથી સંક્રમિત થયા છે.

જિલ્લામાં આજે દહેગામમાં ૧૯, કલોલમાં ૮૧, ગાંધીનગરમાં ૭૮ અને માણસામાં ૨૪ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦ વર્ષથી નીચેના ૪ બાળકો કોરોનાથી સંક્રમિત થયા છે. જેમાં સઈજમાં ૪ વર્ષનું બાળક, કલોલ અર્બનમાં ૯ વર્ષનું બાળક, ઉવારસદમાં ૭ વર્ષનું બાળક અને અડાલજમાં ૭ વર્ષના બાળકનો સમાવેશ થાય છે.

**દહેગામમાં ૧૯, ગાંધીનગરમાં ૭૮, કલોલમાં ૮૧, માણસામાં ૨૪ કેસ : ૧૦ વર્ષથી નીચેના ૪ બાળકો સંક્રમિત થયા : ૯૪ મહિલા દર્દીઓ નોંધાયા : નોંધાયેલા કેસોમાંથી ૨૦૧ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્ર દ્વારા હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી માટે કડક તાકીદ કરવામાં આવી છે**

ગ્રામ્ય વિસ્તારમાં ૬૦ કે તેથી વધુ વય ધરાવતા ૧૭ જેટલા દર્દીઓ પણ સંક્રમિતોની યાદીમાં છે. યુવાઓ અને કિશોરો મોટી સંખ્યામાં સંક્રમિત થયા છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામ શહેરમાં ૭, હરખજીના મુવાડા ગામે ૨ તેમજ વાસણા ચૌધરી ગામે ૩ કેસ નોંધાવા ઉપરાંત જલુન્દ્રા મોટા, જિંડવા, અમરાજીના મુવાડા, ખાનપુર અને હાલીસા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાંથી માણસા અર્બનમાં ૧૬ કેસ, ઉપરાંત ઈન્દ્રપુરા, બોરૂ, ખરણા, અંબોડ, આમજા, ઈટલાવાસ, સોજા, દેલવાડામાંથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં સંક્રમણ જે ગતિએ વધી રહ્યુ છે તેનાથી તંત્રની ચિંતા વધી છે. કલોલ શહેરમાં આજે ૨૯ કેસ નોંધાયા છે.

અદાણી શાંતિગ્રામમાં ૭, નારદીપુરમાં ૯, છત્રાલમાં ૯, સઈજમાં ૬, જાસપુરમાં ૩, બોરીસણામાં ૬, ખાત્રજમાં ૩, પલીયડમાં ૪ ઉપરાંત હાજીપુર, ધમાસણા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

ગાંધીનગરમાં આજે નોંધાયેલા કેસોમાં છાલામાં ૧૩ કેસ, ગિયોડમાં ૪ કેસ, સીઆરપીએફમાં ૭ કેસ, ડભોડામાં ૪ કેસ, લેકાવાડામાં ૨ કેસ, શિહોલીમાં ૩ કેસ, પ્રાંતિયામાં ૩ કેસ, બી.એસ.એફ.માં ૩ કેસ, મુબારકપુરમાં ૨ કેસ, અડાલજમાં ૨૧ કેસ, ઉવારસદમાં ૩ કેસ, ઈસનપુર મોટા, મગોડી, ધણપમાં ૨-૨ કેસ, વલાદમાં ૩ કેસ ઉપરાંત દશેલા, દોલારાણા વાસણા, લવારપુર, શાહપુર, એરફોર્સ અને જમિયતપુરામાંથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા તેમજ કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટેની સૂચનાઓ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૬ દર્દીઓ સાજા થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૦૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૨૫૦થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન ઉભા કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૭૨૪ લોકોને ક્વોન્ટાઈન કરવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા સંક્રમણને લઈ દર્દીઓના કોન્ટેક્ટ ટ્રેસીંગની કામગીરીને સઘન બનાવવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.

# રાજ્યમાં ૨૭ શહેરોમાં નાઈટ કર્ફ્યૂ લાદવા નિર્ણય કરાયો

## કોરોનાને કાબૂમાં લેવા નવા નિયંત્રણો મૂકાયા : ૨૨ જાન્યુઆરીથી દરરોજ રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યુનો અમલ કરાવવાનો નિર્ણય કર્યો છે

ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં કોરોના વાયરસના કેસને કાબૂમાં લેવા માટે ૨૭ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂ લદાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવા કોરોના નિયંત્રણો અમલમાં મૂક્યા છે.

રાજ્યમાં જયના ૮ મહાનગરો અને બે શહેરો ઉપરાંત વધુ ૧૭ નગરોમાં રાત્રિ કરફયુનો અમલ કરાશે. હાલ આઠ મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર અને ગાંધીનગર ઉપરાંત આણંદ અને નડિયાદમાં રાત્રિ કરફયુ અમલમાં છે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત કોરોના સંક્રમણનો વધુ પોઝિટીવીટી રેશિયો ધરાવતાં ૧૭ નગરો સુરેન્દ્રનગર, ધ્રાંગ્રધ્રા, મોરબી, વાંકાનેર, ધોરાજી,ગોંડલ,જેતપુર,કાલાવડ, ગોધરા,વિજલપોર(નવસારી), નવસારી, બિલીમોરા, વ્યારા, વાપી, વલસાડ, ભરૂચ અને અંકલેશ્વરમાં પણ તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૨થી દરરોજ રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફયુનો અમલ કરાવવાનો નિર્ણય કર્યો છે.

રાત્રિ કરફયુની હાલની જે સમયાવધિ તા.૨૨-૧-૨૦૨૨ના સવારે ૬ વાગ્યે પૂર્ણ થાય છે તે વધુ ૭ દિવસો માટે લંબાવીને તા ૨૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધીની કરવામાં આવી છે. રાજ્યમાં નવા નિર્ણયો મુજબ હોટલ અને રેસ્ટોરન્ટ્સને આગામી દિવસોમાં ૨૪ કલાક સુધી હોમ ડિલિવરી કરવાની છૂટ છે કારણ કે કોરોનાની સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે નવા નિયંત્રણો લાદવામાં આવ્યા છે.રાજ્યમાં લગ્ન પ્રસંગ સહિતના પ્રસંગો માટે નવી ગાઈડલાઈન અમલમાં મૂકવામાં આવી છે. આ ૨૭ મહાનગર અને નગરોમાં તમામ દુકાનો વાણિજ્યક સંસ્થાઓ, લારી ગલ્લાઓ, શોપિંગ કોમ્પલેક્ષ, માર્કેટિંગ યાર્ડ, સલૂન, સ્પા અને બ્યૂટીપાર્લર તેમજ અન્ય ગતિવિધિઓ રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે

હોટલ રેસ્ટોરન્ટસ બેઠક ક્ષમતાના ૭૫ ટકા સાથે રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. હોટલ રેસ્ટોરન્ટ્સમાં હોમ ડિલિવરી ૨૪/૭ ચાલુ રાખી શકાશે.

ધોરણ-૯થી ૧૨ અને પોસ્ટ ગ્રેજ્યુએશન સહિતના વર્ગો તેમજ કોચિંગ ક્લાસ ૫૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com